Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

April 21, 2024
Pg.I

### આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયાએ 42મો સ્થાપના દિવસ ઊજવ્યો

# વિશ્વ આજે ઉદ્યોગસાહસિકતાની ક્ષમતાને ઓળખતું થયું છે : IAS રામ મોહન મિશ્રા



**અમદાવાદ:** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાએ 42મા સ્થાપના દિવસનું સેલિબ્રેશન કર્યું. આ પ્રસંગે EDII બોર્ડના સભ્ય IAS રામ મોહન મિશ્રાએ કહ્યું કે, 'આંત્રપ્રિન્યોરશિપ એ એક ચળવળથી ઓછું નથી. આજે આપણે બધા એક નવા યુગના પ્રારંભને જોઈ રહ્યા છીએ. વિશ્વ આજે ઉદ્યોગસાહસિકતાની ક્ષમતાને ઓળખતું થયું છે. લોકો ઈનોવેટિવ અને નવી વસ્તુઓ બનાવીને ઉત્સાહિત થાય છે, પરંતુ રિઝલ્ટ સુધી પહોંચી શકતા નથી. ઘણા લોકો તે રિઝલ્ટ સુધી પહોંચી નથી શક્યા કારણ કે તેઓ યોગ્ય બાબતોને ઓળખી નથી શકતા. એવા ઘણા લોકો છે જેઓ સાહસિકતાના સેતુને પાર કરવા માગે છે. ભારતની ફિલસૂફી અને સંસ્કૃતિ ચાર વસ્તુઓને એકસાથે જોવાની છે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. પશ્ચિમી વિશ્વ ભૌતિકવાદ અને ફક્ત કમાવવા વિશે છે. સામાજિક સાહસિકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાતમાંથી શરૂ થાય છે.' આ કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. નીરજા ગુપ્તા પણ જોડાયા હતા જેમણે જણાવ્યું હતું કે, "ભારતીય શિક્ષાજગતે આંત્રપ્રિન્યોરશિપ ફોકસ કરવાનું શરૂ કર્યું છે. સ્ટ્રેટેજી અને વિષય પર હાઈર એજ્યુકેશન વિદ્યાર્થીઓને એક અલગ માઈન્ડસેટ ડેવલપ કરે છે." જ્યારે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. રાજુલ ગજ્જરે કહ્યું કે, 'ઉદ્યોગસાહસિકતા માત્ર યુવાનોમાં જ નહીં પરંતુ ટેક્નોક્રેટ્સમાં પણ વધી રહ્યા છે જેઓ નીતિઓ અને ઈકોસિસ્ટમને કારણે આંત્રપ્રિન્યોરશિપ તરફ વધુ ઝોક બતાવી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ટેક-આધારિત સાહસોની સ્ટાર્ટઅપ જોવા મળ્યા છે. તે ચોક્કસપણે દેશ અને GenX માટે સકારાત્મક પરિવર્તન છે.'